ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વિદ્યુત લોક્પાલ, ગુજરાત રાજ્ય,
પોલીટેક્નીક કમ્પાઉન્ડ, બેરેક નં.૩, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫

સમક્ષ

કેસ નં. ૨૫/૨૦૧૮

અરજદાર : શ્રી દાઉદભાઈ પનુભાઈ ગાહા
ડુંગર રોડ, ગામ: મોટા આસરાણા-૩૬૪૨૮૦
તા. મહુવા. જી. ભાવનગર.

રજૂઆત કરનાર: શ્રી દાઉદભાઈ પનુભાઈ ગાહા

વિરૂધ્ધ

સામાવાળા : નાયબ ઈજનેર
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
ગ્રામ્ય પેટા-વિભાગીય કચેરી નં.૧, મહુવા-૩૬૪૨૯૦. જી.ભાવનગર.

રજૂઆત કરનાર: શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર,
પીજીવીસીએલ, મહુવા વિભાગીય કચેરી.

::: રજૂઆત:::

૧.૦. અરજદારે, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભાવનગરના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની ફરિયાદ નં.૧૪૧/૨૦૧૭-૧૮ અન્વયે અપાયેલ હુકમ ક્રમાંક ૭૫૯ તા.૧૪.૦૨.૨૦૧૮ ના હુક્મથી નારાજ થઈ અત્રે રજૂઆત કરેલ છે. જે રજૂઆતને આ કચેરીના કેસ રજીસ્ટરે દાખલ કરી કેસ નં.૨૫/૨૦૧૮ થી નોંધેલ છે. આ કેસની સુનવણી તા.૨૪.૦૪.૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ.

૨.૦. સુનવણી દરમ્યાન અરજદારે નીચે મુજબ રજૂઆત કરી.

૨.૧. અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના મોટા આસરાણા ગામ ખાતે રહેણાંકનું મકાન ધરાવે છે, જેમાં નવું વીજ જોડાણ મેળવવા અરજી કરેલ છે. અરજદારે તા.૧૮.૦૪.૨૦૧૩ ના રોજ નવા વીજ જોડાણની નોંધણી પેટે રૂ.૪૦/- ભરપાઈ કરેલ છે.

૨.૨. અરજદારના રહેણાંકના મકાનની સ્થળ તપાસ બાદ સામાવાળા વીજ કંપની દ્વારા તા.૦૬.૦૫.૨૦૧૩ ના રોજ અંદાજપત્ર પાઠવવામાં આવેલ. અંદાજપત્રની રકમ રૂ.૩૭૦૦/- અરજદાર દ્વારા તા.૧૦.૦૫.૨૦૧૩ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ તથા ટેસ્ટ રીપોર્ટ ફી રૂ.૨૦/- પણ ભરપાઈ કરવામાં આવેલ.

૨.૩. અરજદારે વીજ જોડાણ મેળવવા અર્થે સામાવાળાની કચેરીમાં અવાર નવાર રજૂઆત કરેલ તેમ છતાં અરજદારને માંગણી મુજબનું વીજ જોડાણ આપવામાં આવેલ નહીં, જેથી અરજદારે સામાવાળા વીજ કંપનીની ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ.

૨.૪. ફોરમ દ્વારા અરજદારનું વીજ જોડાણ ૩૦ દિવસમાં ચાલુ કરી આપવા હુકમ કરવામાં આવેલ છે તેમ છતાં સામાવાળા વીજ કંપની દ્વારા અરજદારનું વીજ જોડાણ ચાલુ કરવામાં આવેલ નથી. આમ, સામાવાળા વીજ કંપની દ્વારા ફોરમના હુકમનો ભંગ કરેલ છે.

૨.૫. સરકારશ્રી દ્વારા ગામના છેવાડામાં રહેતા હોઈ તેઓને પણ મફત વીજ જોડાણ આપવામાં આવે છે. ગામતળ કે સીમતળ/જંગલ હોય કે દરિયાકાંઠો હોય ત્યાં વીજ જોડાણ આપવામાં આવે છે. હાલમાં ખેતીવાડી વિસ્તારમાં પણ રહેણાંકના મકાનોના વીજ જોડાણને ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

૨.૬. સામાવાળા વીજ કંપની દ્વારા ફોરમના હુકમનો અનાદર કરેલ હોઈ નિયમ મુજબ પગલાં લેવા તથા વીજ જોડાણ ચાલુ કરી આપવા અરજદારે વિનંતી કરી.

3.0. Respondent has represented the case as under.

3.1. Appellant, Shri Daudbhai Punabhai Gaha had applied for residenetial rural connection, details of which are as under:

Category:	Residential Rural
Date of registration:	18.04.2013
M.R.No.	616713
Amount:	Rs. 40/-
F.Q.No.	2414
Amount:	Rs.3700/-
Date of FQ issue:	06.05.2013
Date of FQ paid:	10.05.2013
MR No.	618252
Fee of Test Report paid:	10.05.2013
MR No.	618254

3.2. It is submitted that at the time of releasing the connection it was noticed that premises/location is not in village Gamtal area but it is in the agriculture land area. Hence as per the norms of Respondent's company, connection was not released. This matter was conveyed to the Appellant vide letter No.7246 dated 24.11.2017.

3.3. It is submitted that Appellant was informed three times vide below mentioned letters to provide necessary revenue documents so that connection can be released.

(i) Letter No. 7495 dated 07.12.2017.

(ii) Letter No. 10737 dated 07.12.2017.

(iii) Letter No. 684 dated 31.01.2018.

3.4. Appellant has not responded any letter of the Respondent. Deputy Engineer, Mahuva Rural sub-division has visited the site on 02.02.2018 and made Rojkam in presence of Appellant. As per the Rojkam made the connection is required in the agriculture land bearing Revenue Survey No.143P of village Mota Asarana.

3.5. Forum has given final order to release the connection from agriculture feeder considering the AGRL connection from nearby agriculture feeder as per norms of Respondent company and Appellant had given his consent for the same. The process was to be initiated within 30 days of Forum order but due to heavy work of recovery of arrears during March,2018, Respondent could not initiated the action in time, and for this lapse disciplinary action was initiated against Deputy Engineer, Mahuva Rural sub-division.

3.6. It is submitted that Appellant had applied to get new connection in a village Gamtal but actual location was in agriculture land area. Therefore, land ownership documents are required to be collected for agriculture land from Appellant. Moreover, as per the norms of company approval for sanctioning AGRL connection is vested with Superintending Engineer of Circle Office.

3.7. Deputy Engineer, Mahuva Division Office had visited the site and met the appellant and requested him to provide necessary documents so that process to release the connection can be initiated.

3.8. It is submitted that disciplinary actions are also initiated against the defaulter for lapses regarding improper survey, issue of estimate without proper scrutiny of documents, no actions to release the connection after payment of estimated amount.

3.9. It is submitted that on receipt of required documents regarding ownership of agriculture land from the Appellant the application would be processed for release of connection.

3.10. It is also submitted that copy of representation filed by Appellant before Ombudsman was not received by Respondent. On receipt of letter dated 12.04.2018 from the office of Ombudsman, Deputy Engineer had visited the site immediately and met Appellant to get copy of representation made by Appellant to Ombudsman, but it was not received by sub-division office.

:::ચુકાદો:::

૪.૦. સુનવણી દરમ્યાન અરજદારે કરેલ રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. અરજદારની હાલની રજૂઆત ફોરમના હુકમ અન્વયે નોંધવામાં આવેલ તારણો મુજબ ઘરવપરાશનું વીજ જોડાણ ચાલુ કરવા અંગેની છે. પેરા નં. ૩.૧ માં દર્શાવ્યા મુજબ અરજદારે ઘરવપરાશનું વીજ જોડાણ મેળવવા અરજી કરેલ છે, તથા અંદાજપત્રનાં નાણાં ભરપાઈ કરેલ છે તથા ટેસ્ટ રીપોર્ટ પણ રજૂ કરેલ છે.

૪.૨. અરજદારની ઘરવપરાશના વીજ જોડાણની માંગણી ગામતળ બહારના વિસ્તારમાં માલુમ પડતાં સામાવાળા દ્વારા સદર વીજ જોડાણ કાર્યાન્વિત કરાયેલ નથી તથા સદર વીજ જોડાણની માંગણી અંગેના જરૂરી રેવન્યુ દસ્તાવેજી પુરાવા રજૂ કરવા અરજદારને સમયાંતરે માહિતગાર કરેલ છે. પરંતુ અરજદારે દસ્તાવેજી પુરાવા સામાવાળાને રજૂ કરેલ નથી. સામાવાળા દ્વારા તા.૦૨.૦૨.૧૮ ના રોજ અરજદારના વીજ જોડાણની માંગણીવાળા સ્થળ પર અરજદારની હાજરીમાં રોજકામ પણ કરવામાં આવેલ, જે મુજબ વીજ જોડાણ ખેતી વિષયક જમીન સરવે નં. 143P ગામ મોટા આસરણામાં માંગવામાં આવેલ છે તે મુજબની નોંધ કરેલ છે.

૪.૩. ફોરમ દ્વારા કરવામાં આવેલ હુકમ અન્વયે નોંધવામાં આવેલ તારણ મુજબ સદર વીજ જોડાણની માંગણીવાળી જગ્યા અને મકાન ગામતળ બહાર ખેતી લાયક જમીનમાં છે, તથા તેની માલિકી અરજદારના પિતાશ્રીની છે. ફોરમના તારણમાં નોંધ કર્યા મુજબ અરજદારે ખેતીવાડી ફિડરમાંથી વીજ જોડાણ લેવા અંગે તૈયારી દર્શાવેલ છે.

૪.૪. ફોરમના હુકમ અન્વયે અરજદારને તારણ નં.૩.૭ મુજબ ૩૦ દિવસમાં વીજ જોડાણ આપવાની કાર્યવાહી ચાલુ કરવા જણાવવામાં આવેલ છે. ફોરમના હુકમ મુજબ તારણ નં. ૩.૭ નીચે મુજબ છે.

"સદર અરજદારના સ્થળ પર જે તે સમયે કંપનીના કર્મચારી મીટર લગાવવા તેમજ સ્થળ ચકાસણી કરવા જતાં આપશ્રી દ્વારા જે વીજ કનેક્શનની માંગણી કરેલ છે તે ગામતળની બહાર તેમજ પડતર જગ્યામાં આવેલ છે તેવું જાણવા મળેલ".

૪.૫. સુનવણી દરમ્યાન અરજદારને વીજ જોડાણની માંગણીવાળા સ્થળ અંગે માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા સામાવાળાને રજૂ કરવા જણાવેલ, જે દસ્તાવેજો રજૂ કરવા અરજદારે સંમતિ દર્શાવેલ.

૪.૬. વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષાંગિક બાબતો વિનિયમો જાહેરનામા નં.૪/૨૦૧૫ અંતર્ગત અરજદાર વીજ જોડાણની માંગણીવાળા સ્થળના જરૂરી દસ્તાવેજો રજૂ કરે ત્યારબાદ અરજદારનું સદર વીજ જોડાણ હયાત નિયમોનુસાર પ્રસ્થાપિત કરવા સામાવાળાને સૂચિત કરવામાં આવે છે.

૪.૭. પેરા નં. ૩.૬ તથા પેરા નં. ૩.૮ માં દર્શાવેલ બાબત અંગે સામાવાળા દ્વારા નવા વીજ જોડાણ અંગેની કાર્યવાહી જે તે નિર્દિષ્ટ જોગવાઈ હેઠળ જરૂરી દસ્તાવેજો મેળવી તથા સ્થળની ખરાઈ કર્યા વગર કરેલ હોવાના કારણોસર સદર હાલનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે જેમાં સામાવાળાની બેદરકારી સાબિત થાય છે, જે અંગે સામાવાળાએ જવાબદાર અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી હેઠળના પગલાં સૂચિત કરેલ છે. નવા વીજ જોડાણ અંગેની કાર્યવાહી વિદ્યુત પુરવઠા સંહિતા જાહેરનામા નં. ૪/૨૦૧૫ ની સૂચિત જોગવાઈ હેઠળ કરવા સામાવાળાને સૂચિત કરવામાં આવે છે.

૪.૮. આથી આ રીતે પેરા નં.૪.૬ તથા ૪.૭ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૯. ખર્ચ અંગે કોઇ ચુકાદો નથી.

૪.૧૦. અરજદારની અરજી/રજૂઆત આ સાથે ફેંસલ કરવામાં આવે છે.

(દિલીપ રાવલ)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ
તા.૧૬.૦૫.૨૦૧૮.